**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

12283

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

9 જાન્યુઆરી 2020

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય.

**માનનીય શ્રી વિજયભાઈ,**

**વિષય : વેરા સમાધાન યોજના 2019 ની મુદત લંબાવવા વિનંતી**

આપની કુશળતા ઇચ્છુ છું.

સૌ પ્રથમ આપશ્રીએ વેપાર-ઉદ્યોગ ની રજૂઆતો ને ધ્યાનમાં લઇ સુધારા સાથેની વેરા સમાધાન યોજના 2019, તારીખ 6-12-2019 ના ઠરાવથી જાહેર કરી તે બાદલ આપશ્રીને બિરદાવું છું. આ વેરા સમાધાન યોજના વેપારીઓ માટે ખુબજ ઉપયોગી અને સહાયરૂપ નીવડશે તેનો અમને વિશ્વાસ છે.

આપ વિદિત છો તેમ આ વેરા સમાધાન યોજના નું લાભ લેવા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ 10-1-2020 છે. પરંતુ આપશ્રીને ખાસ જણાવાનનું કે આ યોજના જાહેર થયે માત્ર એક મહિના જેવો જ સમય મળ્યો હોવાથી હજુ ઘણા વેપારીઓ જે આ યોજના અંતર્ગત લાભ લેવવા ઈચ્છે છે તેઓને અરજી કરવું બાકી રહ્યું છે. આ ઉપરાંત ડિસેમ્બર માસ તેમજ કેલેન્ડર વર્ષનો અંતિમ સમય હોવાથી વેપારીઓને ઇન્કમ ટેક્સ વિગેરે ની પ્રક્રિયાઓ પણ આ સમય દરમિયાન સમયસર પુરી કરવી પડતી હોવાથી તેમને વેરા સમાધાન યોજના અંતર્ગત અરજી કરવા પૂરતો સમય મળેલ નથી.

અમારા વિવિધ જિલ્લા કક્ષાના એસોસિએશનો અને ચેમ્બરો પાસેથી પણ અમને આ અંગેની માહિતી સાથે આ સમાધાન યોજનાની અવધિ લંબાવવાની દરખાસ્ત મળેલ છે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લેતા આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે આ વેરા સમાધાન યોજનાની મુદત ઓછા માં ઓછી 31 માર્ચ 2020 સુધી લંબાવવામાં આવે જેથી આ યોજના નો લાભ લેવા ઇચ્છતા વેપારીઓ અરજી કરી આ યોજનાનો લાભ લઇ શકે.

આપના સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

નકલ રવાના:

1. **શ્રી નીતિનભાઈ પટેલ**, માનનીય ડેપ્યુટી મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
2. **શ્રી પંકજ જોશી, IAS**, અધિક મુખ્ય સચિવ, નાણાં વિભાગ, ગુજરાત સરકાર
3. **શ્રી જે. પી. ગુપ્તા, IAS**, ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષ, અમદાવાદ